| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૦૧/૧૨/૨૦૧૭. |
| દાખલ તારીખ | : | ૦૧/૧૨/૨૦૧૭. |
| ફેંસલ તારીખ | : | ૩૧/૧૨/૨૦૨૨. |
| સમયગાળો | : | વર્ષ : ૦૫ માસ : ૦૦ દિન : ૩૦ |

# વડોદરાના વર્કમેન કોમ્પેનસેશન કમિશનર સાહેબ સમક્ષ

<u>વર્કમેન કોમ્પેનસેશન (ફેટલ) અરજી નં. ૩૨/૨૦૧૭</u>
<u>આંક–૧૮</u>

**અરજદારો** : **મૈયત કર્માબેન માકુસિંહ મછારના વારસ :** ઉ.વ.આ. ધંધો
માકુસિંહ સમુડાભાઈ મછાર ૨૨ મજુરી
**રહે. મું.** બોચડદા, પો. ચોરાબડા,
તા.કુશલગઢ, જી.બાંસવાડા, રાજસ્થાન–૩૨૭૬૦૨.

<u>વિરૂધ્ધ</u>

**સામાવાળા** : **વિનુભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** મું મોભા, તા. પાદરા, જી. વડોદરા.

**હાજર રહ્યા :**
અરજદાર તરફે : વિદવાન વકીલશ્રી દિપક બી. શાહ.
સામાવાળા તરફે : વિદવાન વકીલશ્રી દિપક એમ. પ્રજાપતિ.

:: હુકમ ::

(૧). અરજદારની અરજીની સંક્ષીપ્ત હકીકત એવી છે કે, અરજદારના પત્ની મૈયત કર્માબેન માકુસિંહ મછારનાઓ છે. જેઓ તથા અન્ય પાંચ – છ મજુરો સામાવાળાને ત્યાં મકાનના રીપેરીંગ કામ માટે બોલાવેલા. જેમાં તેઓ મજુરી તરીકે કામ કરતા હતા. તા.૨૧/૫/ ૨૦૧૬ નારોજ બનાવ બનેલ ત્યારે તેઓ મજુર તરીકે દૈનિક રૂ.૩૦૦/– નકકી કરી કામ કરતા હતા. મૈયત કર્માબેન માકુસિંહ મછાર અને સામાવાળા વચ્ચે નોકર–માલિકનો સબંધો સ્થપાયેલા હતા. તેમજ તે સમય તેઓની ઉમર ૧૯ વર્ષ હતી.

તા.૨૧/૦૫/૨૦૧૬ નારોજ અરજદારના પત્ની મૈયત કર્માબેન માકુસિંહ મછાર મજુર તરીકેનું કામ સામાવાળાની સુચના મુજબ ફરજ બજાવતા હતા ત્યારે અચાનક સદર મકાનની દિવાલ તુટી પડતા તેઓ તથા અન્ય મજુરો દિવાલ નીચે દબાઈ જતા, મૈયત કર્માબેન માકુસિંહ મછાર મૃત્યુ પામેલ અને ત્યાર બાદ સામાવાળા વિરુઘ્ધ વડુ પોલીસ સ્ટેશન, તા.પાદરા ખાતે અકસ્માત મોત નં.૧૭/૧૬ ના રોજ આઈ. પી. સી. ની કલમ – ૧૭૪ મુજબ તા.૨૨/૦૫/૨૦૧૬ ના રોજ ગુનો નોંધાયેલ.

તા.૨૧/૦૫/૨૦૧૬ નારોજ અરજદારના પત્ની મૈયત કર્માબેન માકુસિંહ મછારની મજુરી કામ કરતી વખતેની ઉમર ૧૯ વર્ષ હતી અને માસિક રૂ.૯,૦૦૦/– કમાતા હતા. સદર અકસ્માત સામાવાળાની પુરેપુરી ભૂલ નિષ્કાળજી, બેદરકારીભર્યા વહીવટ, જુના મકાન ના રીપેરીંગ માટે જરૂરી પગલા તથા તકેદારી પગલા લીધેલ ન હોવાને કારણે થયેલ છે. જેના થી અરજદાર તથા તેના કુટુંબને માનસિક તથા આર્થિક નુકશાન થયું છે. મૈયતની ઉત્તર ક્રીયાનો પણ ખર્ચ થયેલ છે. તેમજ અકાળે મૃત્યું થયેલ ન હોત તો મજુરી કરીને વધુ આવક મેળવી શકયા હોત અને કુટુંબનો ભાવિ વિકાસ કરી શકયા હોત. સદર અકસ્માતથી તમામ પ્રકારની ખોટ ભરપાઈ માટે વર્કમેન કોમ્પેન્શેસન એકટ અન્વયે ફકત રૂ.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) તથા પેનલ્ટી પેટે રૂ.૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ

પુરા) આ કામના સામાવાળા પાસેથી અરજ કર્યા તારીખથી વસુલ થતા સુધી ૧૨% વ્યાજ સહીત તથા ખર્ચ સહીત ચુકવી અપાવવા અરજ કરેલ છે.

(૨). સદર કામે સામાવાળાને ધોરણસરની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે તેઓને બજી ગયેલ છે. સામાવાળા તરફે આંક–૦૮ થી જવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓના જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતો તેઓને કબુલ મંજુર અને બંધનકર્તા નથી. તેમજ ખરી હકીકત જણાવેલ છે કે, અરજદાર જણાવે છે તે મુજબ સામાવાળા સાથે અરજદારના સગાને નોકર અને માલિક હોવાની હકીકત ખરી નથી અને મરનારની ઉમર બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી. જેથી અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

(૩). સદર કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

–:: મૌખિક પુરાવા ::–

| આંક | વિગત |
|---|---|
| ૧૪ | કર્માબેન માકુસિંહ મછારની સોગંદ પર જુબાની. |

–:: દસ્તાવેજી પુરાવા ::–

| નિશાની | વિગત |
|---|---|
| ૪/૧ | અકસ્માત મોત સી.આર.પી.સી. ૧૭૪ મુજબના રીપોર્ટની ખરી નકલ. |
| ૪/૨ | ફરીયાદની ખરી નકલ. |
| ૪/૩ | પંચનામાની ખરી નકલ. |
| ૪/૪ | ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ. |

| | |
|---|---|
| ૪/૫ | પી. એમ. રીપોર્ટની ખરી નકલ. |
| ૪/૬ | લાશ સોંપ્યાની પાવતીની ઝેરોક્ષ. |
| ૪/૭ | મૈયત કર્માબેનના મરણના પ્રમાણપત્રની ખરી નકલ. |
| ૪/૮ | અરજદારના જાતિના દાખલાની ખરી નકલ. |
| ૪/૯ | અરજદાર નં. ૧ ના ચુંટણીકાર્ડની નકલ. |
| ૪/૧૦ | અરજદાર નં. ૧ ના આધારકાર્ડની નકલ. |
| ૪/૧૧ | અરજદારોના બી. પી. એલ. કાર્ડની નકલ. |
| ૪/૧૨ | સામાવાળાને રજી.એ.ડી. થી મોકલેલ નોટીસની સ્થળ પ્રત. |
| ૪/૧૩ | સામાવાળાને પોસ્ટ ખાતામાંથી રજી.એ.ડી.થી મોકલેલ નોટીસની પૈસા ભર્યાની પહોંચની અસલ. |
| ૪/૧૪ | સામાવાળાને રજી.એ.ડી.થી મોકલેલ નોટીસની બજી ગયા અંગેની એકનોલેજમેંટ અસલ. |
| ૪/૧૫ | અરજદારની ખેતીની જમીનોના ખાતાવહીની નકલ. |
| ૧૩/૧ | એફ. આઈ. આર. ની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૨ | ફરિયાદની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૩ | પંચનામાની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૪ | ઈન્કવેસ્ટ પંચનામાની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૫ | પી. એમ. રીપોર્ટની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૬ | લાશ સોપ્યાની પહોચ. |
| ૧૩/૭ | મરણના દાખલાની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૮ | જાતીના પ્રમાણપત્રની ઝેરોક્ષ. |

| | |
|---|---|
| ૧૩/૯ | અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ કોપી. |
| ૧૩/૧૦ | અરજદારના રેશનકાર્ડની ઝેરોક્ષ કોપી. |

ત્યારબાદ અરજદાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક – ૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ.

ત્યારબાદ સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા હોય, અરજદાર તરફે આંક–૧૬ થી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાની અરજી આપેલ છે. જે ન્યાયના હીતમાં મંજુર કરી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાઈ આવે છે.

<u>(૫). દલીલ :–</u> ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવેલ હોય. સામાવાળા તરફે કોઈ હાજર રહેતા ન હોય આંક–૧૭ ની અરજી લગત ન્યાયના હીતમાં તેઓનો દલીલનો હકક બં ધ કરવામાં આવેલ ત્યારબાદ અરજદારો તરફે મૌખિક દલીલો કરી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

<u>(૬). મુદદાઓ:</u>– સદરહું અરજીના ન્યાયિક નિર્ણય સારૂ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આંક– ૦૯ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલા છે.

:: મુદ્દા ::

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ મર્હુમ શ્રમયોગીના આશ્રિત અને વારસ દાર છે ?

(૨) શું અરજદાર સાબિત કરે છે કેઅકસ્માત સમયે મર્હુમશ્રમયોગી અને સામાવાળા વચ્ચે કામદાર માલિક તરીકેના સબંધો હતા ?

(૩) શું અરજદાર સાબિત કરે છે કે, મર્હુમ શ્રમયોગીનું મૃત્યુ સામાવાળાની ચાલું

નોકરી દરમ્યાન અકસ્માતે ઈજા થવાના કારણે થવા પામેલ ?

(૪) શું અરજદાર સાબિત કરે છે કે, અકસ્માત થયા તારીખે મર્હુમ શ્રમયોગીનો માસીક પગાર શો હતો ? તથા તેમની ઉમર કેટલા વર્ષ હતી ?

(૫) શું હાલના કેસમાં અરજદાર સામાવાળા પાસેથી મર્હુમ શ્રમયોગીના અકસ્માત મૃત્યુના વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે ? જો જવાબ હકારાત્મક હોય તો પ્રવર્તમાન કાયદાકીય પરિસ્થિતિ મુજબ કેટલી રકમ ?

(૬) શું અરજદાર મર્હુમ શ્રમયોગીના અકસ્માત મૃત્યુ વળતરની રકમ ઉપરાંત પેનલ્ટી, વ્યાજ અને ખર્ચે સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે ? જો જવાબ હકારાત્મક હોય તો પ્રવર્તમાન કાયદાકીય પરિસ્થિતિ મુજબ કેટલી રકમ ?

(૭) શું આખરી હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) અંશત: હકારમાં, માસિક પગાર રૂા.૪૦૦૦/-

(૫) હકારમાં, રૂા.૮,૯૬,૦૦૦/- અને ૧૨% લેખે સાદુ વ્યાજ સામાવાળા પાસેથી.

(૬) હકારમાં, પેનેલ્ટી રૂા. ૪,૪૮,૦૦૦/- અને ૧૨% લેખે સાદુ વ્યાજ સામાવાળા પાસે થી.

(૭) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

### (૮.૧) મુદ્દા નં. ૧ :–

(૧) સદર કામે નિશાની–૪/૦૯ થી અરજદારના ચુંટણીકાર્ડની નકલ રજુ છે તથા નિ.૪/૧૧ થી અરજદારના બી.પી.એલ. કાર્ડ રજુ કરેલ અને જે જોતાં અરજદાર મરણ જનાર ના પતિ હોવાનું હોવાનું જણાય આવતું હોય અને તે સંદર્ભે સદર કામના સામાવાળા ધ્વારા કોઈ વાંધો તકરાર લીધેલ હોય તેવું જણાઈ આવતું નથી કે તેનાથી વિરુધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તેવું જણાય આવતુ નથી. આમ, ઉપરોકત હકીકતો લક્ષમાં લેતાં તેમજ કર્મચારી વળતર અધિનિયમ–૧૯૨૩ ની કલમ–ર (ડી) માં જણાવેલ આશ્રિતની શ્રેણીમાં અરજદારનો સમાવેશ થતો હોવાનું જણાઈ આવતું હોય, આમ ઉપરોકત હકીકત લક્ષમાં લેતાં અરજદાર મરણ જનારના કાયદેસરના આશ્રિત હોવાનું જણાય આવતુ હોય મુદ્દા નંબર–૧ નો જવાબ ''હકારમાં'' આપું છું.

### (૮.૨). મુદ્દા નંબર–ર અને ૩ સંયુકત :–

(૧). મુદ્દા નંબર ર તથા ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી એકની એક હકીકતનું પુનરાવર્તન ન થાય તે સારૂ તેનો નિર્ણય સાથે કરવો ન્યાયોચિત જણાયો છે. સદર કામે જોઈએ તો, અરજદારના પત્ની મૈયત કર્માબેન માકુસિંહ મછાર સામાવાળાને ત્યાં મજુરી કામ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને તા.ર૧/૦૫/ર૦૧૬ ના રોજ ૧ર:૩૦ વાગ્યા અચાનક મકાનની દીવાલ તુટી પડતા તેઓ નીચે દબાઈ જતા મરણ ગયેલ. આમ સદર હકીકતને અરદાર તરફે નિ.૪/૧ થી રજુ અકસ્માત મોત, નિ.૪/ર થી રજુ ફરીયાદની ખરી નકલ, નિ.૪/૩ થી રજુ પંચનામાની કોપી, નિ.૪/૪ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ વંચાણે લેતા અરજદારના પત્ની સામાવાળાના ત્યાં અકસ્માત સમયે તા.ર૧/૦૫/

૨૦૧૬ ના રોજ મજુરી કામ કરતા દીવાલ નીચે દબાઈ જવાથી મરણ ગયેલ હોવાનુ જણાઈ આવે છે તેમજ મરણ જનાર અને સામાવાળા વચ્ચે નોકર અને માલિકના સબંધ પ્રસ્થાપિત થયેલ છે અને શ્રમયોગી મૈયત કર્માબેન માકુસિંહ મછારનું મૃત્યુ ચાલું નોકરી દરમિયાન દીવાલ નીચે દબાઈ જવાથી થયેલ ઈજાઓના કારણે થયેલ છે જેથી મુદા નં. – ૨ અને ૩ નો જવાબ હકારમાં આપું છું.

(૮.૩). મુદ્દા નંબર – ૪ :–

(૧). સદર કામે જોઈએ તો, અરજદાર તરફે નિશાની–૦૪/૧૧ થી મરણજનારનું બી. પી. એલ. કાર્ડ રજુ છે તેમાં અનુક્રમ નંબર–૭ ઉપર કમીલાની ઉમર ૨૦ વર્ષની જણાઈ આવે છે અને અરજદારએ અરજીમાં મરણજનારની ઉમર ૧૯ વર્ષ જણાવેલ છે. વધુમાં પોલીસમાં આપેલ ફરીયાદમાં પણ મરણ જનારની ઉમ્ર ૧૯ વરસની જણાવેલ છે અને તેનાથી કોઈ વિરુધ્ધનો પુરાવો સામાવાળા તરફે રજુ રાખેલ હોય કે કોઈ વિરુધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું જણાય આવતું ન હોય અને મરણજનાર સાથે અકસ્માત તા. ૨૧/૦૫/૨૦૧૬ ના રોજ થયેલ હોય જે ધ્યાને લેતા અકસ્માત સમયે મરણજનારની ઉંમર બી.પી.એલ. કાર્ડને પુરાવા તરીકે આધાર રાખતા ૨૦ વર્ષ હોવાનું અમોનું નમ્ર પણે માનવું છે.

સદર કામે અરજદાર તરફે તેની અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, ''અકસ્માતના દિવસે મૈયત પત્નીને મજુરી કામના દૈનિક રૂા.૩૦૦/– સામાવાળા ચૂકવતા હતા એટલે રૂા.૯,૦૦૦/– પગાર મળતુ હતુ.'' પરંતુ તે સંદર્ભેના કોઈ પુરાવા રજુ ન કરેલાની હકીકત અરજદાર ધ્વારા જણાવેલ નથી આમ સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા સામાવાળા ધ્વારા મરણજનારને કેટલો પગાર રોજ ચૂકવવામાં આવતો હતો તે સંદર્ભેની કોઈ હકીકત જણાવેલ હોય કે તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી.

ઔધોગિક વિવાદ ધારો બેનીફીસયરી કાયદો હોય અને અરજદાર કે જે કાયદાની આટીઘુંટીથી અજ્ઞાત હોય અને અરજદાર તરફે મરણજનારના પગાર સંદર્ભેની હકીકત સોગંદ ઉપર જણાવેલ હોય જે ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો CHIMAN SURAKHIA VASAVA V/s AHMED MUSA USTAD AND ORS. (1986 (2) GLR 1083) ચુકાદો વંચાણે લેતા મરણજનારનો પગાર અરજદાર દ્વારા જણાવ્યા મુજબ નો હોવાનું માનવું ન્યાયઉચિત જણાય આવે છે તેમજ કર્મચારી વળતર અધિનિયમ–૧૯૨૩ માં જણાવેલ મહત્તમ પગાર લક્ષમાં લેતા મરણજનારની માસીક આવક રૂા.૮,૦૦૦/– (આઠ હજાર) ધ્યાને લેવી ન્યાયઉચિત જણાતું હોય તેથી સદર કામે મરણજનારની માસીક આવક રૂા.૮,૦૦૦/–(આઠ હજાર) હોવાનું ઠરાવવામાં આવે છે.

<u>(૮.૪). મુદ્દા નંબર – ૫ અને ૬ સંયુકત :–</u>

(૧). મુદ્દા નંબર – ૫ તથા ૬ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી એકની એક હકીકત નું પુનરાવતર્ન ન થાય તે સારૂ તેનો નિર્ણય સાથે કરવો ન્યાયોચિત જણાયો છે.

આ કામે સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અરજદારનાં મરણ જનાર પત્નીને અકસ્માત થતા તે મરણ ગયેલ હોય સામાવાળા વળતરની રકમ ચુકવી આપવા જવાબદાર બને છે. સદર કામે મરણજનારની ઉંમર–૨૦ વર્ષ અકસ્માત સમયે ગણતા કાયદાના સીડયુલ–૪ માં ૨૦ વર્ષ સામે દર્શાવેલા સંબંધીત ગુણાંક – ૨૨૪.૦૦ ના ફેકટર પ્રમાણે નીચે મુજબ ગણતરી કરવામાં આવે છે.

વળતરની ગણતરી :–

મરણ જનારનો પગાર રૂા.૮,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) લેખે તેમજ ઉંમર–૨૦ વર્ષ ગણતાં ...

= રૂા.૮,૦૦૦/– માસિક આવકના ૫૦% × ૨૨૪.૦૦ પ્રમાણે,

= રૂા.૪,૦૦૦/– × ૨૨૪.૦૦

=રૂ.૮,૯૬,૦૦૦/-(અંકે રૂપિયા આઠ લાખ છન્નું હજાર પુરા) વળતર અરજદારને મળવાપાત્ર છે જે સામાવાળા એ અરજદારને ચુકવી આપવા જવાબદાર બને છે.

(૨). સામાવાળા અરજદારના મરણજનાર પત્ની સાથે થયેલ અકસ્માતને લીધે તે મરણ ગયેલ હોવાનું જાણતા હોવાની હકીકત સદર કામે સામાવાળા તરફે આંક-૦૮ થી રજુ રાખેલ જવાબ ધ્યાને લેતાં સ્પષ્ટપણે જણાય આવે છે તેમ છતાં વળતર પેટે કોઈ રકમ અકસ્માત થયાના દિન ૩૦ માં અરજદારને ચુકવી આપેલ નથી કે તેઓના માનવા મુજબ ચુકવવાપાત્ર થતી કોઈ રકમ સામાવાળાએ અત્રેની કોર્ટમાં જમા કરાવેલ નથી, તેમજ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા કાયદાની કલમ-૪ (૩)(એ) મુજબ સામાવાળા વળતરની રકમ ઉપર મરણ જનાર સાથે થયેલ અકસ્માત થયા તારીખના ૩૦ દિવસ બાદથી એટલે કે તા. ૨૧/૦૫/ ૨૦૧૬ થી વસુલ થતા સુધીના સમયગાળાનું ૧૨ % લેખે સાદુ વ્યાજ અરજદારોને ચુકવવા જવાબદાર બને છે.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, **Shobha Versus Chairman, Vithalrao Shinde Sahakari Sakhar Karkhana Ltd. AIR 2022 SC 1410.**

4.1.... Therefore, the liability to pay the compensation would arise from the date on which the deceased died for which he is entitled to the compensation and therefore, the liability to pay the interest on the amount of arrears/compensation shall be from the date of accident and not from the date of the order passed by the Commissioner. As per Section 4A(3)(b), if the Commissioner is satisfied that there is no justification for the delay, it can direct the employer, in addition to the amount of the arrears and interest thereon, to pay a further sum not exceeding 50% of such amount by way of penalty. Thus, provision

for interest and provision for penalty are different. As observed hereinabove, the provision for levy of interest would be under Section 4A(3)(a) and the provision for levy of penalty would be under Section 4A(3)(b). While directing the employer to pay the interest from the date of the order passed by the Commissioner, the High Court has not at all considered Section 4A(3)(a) and has considered Section 4A(3)(b) only, which is the penalty provision.

**(6.)** In view of the above and for the reasons stated above, the present appeal succeeds. The impugned judgment and order passed by the High Court insofar as awarding the interest @ 12% p.a. after the period of expiry of one month from 25.01.2017, is hereby quashed and set aside and it is observed and held that the appellants herein original claimants shall be entitled to the interest @ 12% p.a. on the amount of compensation as awarded by the Commissioner from the date of the incident i.e., 29.11.2009.

સામાવાળા નાઓએ વળતરની રકમ ન ચુકવી આપવા માટેના જે પણ કોઈ કારણો તેના તરફે આંક–૦૮ થી રજુ રાખેલ જવાબમાં જણાવેલ છે તેના સમર્થનમાં કોઈ પુરાવા રજુ કરેલ હોય તેવું જણાય આવતું નથી તેમજ સામાવાળાનો જવાબ ધ્યાને લેતા ફરીયાદ અને પંચનામુ ધ્યાને લેતા અકસ્માત સંદર્ભે તેઓને પ્રથમથી જાણ હોય તેમ છતાં કોઈ વળતરની રકમ આજદિન સુધી જમા કરાવેલ ન હોય તેમજ સામાવાળા તરફે તેને ત્યાં કામ કરતા કર્મચારીઓ સંદર્ભે તેના ધ્વારા કોઈ વીમો લેવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકત તેઓ ધ્વારા રેકર્ડ ઉપર લાવેલ હોય તેવું જણાય આવતું નથી તેમજ કર્મચારી વળતર અધિનિયમ

– ૧૯૨૩ અન્વયે વળતર ચુકવી આપવાની પ્રાથમિક જવાબદારી માલિકની બને છે જે તમામ હકીકતો તથા ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા સામાવાળા વળતરની રકમ રૂા.૮,૯૬,૦૦૦/–(અંકે રૂપિયા આઠ લાખ છન્નું હજાર પુરા) ની ૫૦ % રકમ રૂા.૪,૪૮,૦૦૦/–(અંકે રૂપિયા ચાર લાખ અળતાળીસ હજાર પુરા) પેનલ્ટી તરીકે આ કામના અરજદારને કાયદાની કલમ–૪–એ (૩) (બી) મુજબ ચુકવી આપવાનો હુકમ કરવો વ્યાજબી જણાય છે.

આ કામે સામાવાળા ધ્વારા વળતરની રકમ ન ચુકવવાને કારણે અરજદારને આ અરજી કરવી પડેલ હોય અને કેસ ચાલતા દરમ્યાન પણ સામાવાળા ધ્વારા વળતર પેટે કોઈ રકમ જમા કરાવવામાં આવેલ ન હોય આ અરજીના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાં ચ હજાર પુરા) તથા મરણજનાર સાથે કહેવાતો અકસ્માત સને–૨૦૧૬ ની સાલમાં થયેલ હોય અને જેથી સામાવાળાએ આ કામના અરજદારને કાયદાની કલમ – ૪ (૪) અન્વયે અંતિમ ક્રિયાના ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવી આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ ન હોય જેથી સામાવાળાએ મરણ જનારની અંતિમ ક્રિયાના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પણ આ કામના અરજદારને ચુકવી આપવા જવાબદાર બને છે. અરજદારે તેમની અરજીમાં અંતિમ ક્રિયાના ખર્ચની રકમ રૂપિયા એક લાખ વસુલ માંગેલ છે, પરંતુ કામદાર વળતર ધારો બેનીફીસીયરી લેજીસલેશન છે અને સદર કાયદા અન્વયે મળવાપાત્ર થતી તમામ રકમ શ્રમયોગીને કે તેના મૃત્યુના કિસ્સામાં તેના આશ્રિતોને મળી રહે તે જોવાની કમિશ્નરની જવાબદારી બને છે, જેથી અંતિમ ક્રિયાના ખર્ચની તથા અરજીના ખર્ચની રકમ અરજદારને અલગથી ચુકવી આપવા સામાવાળાને જવાબદાર ઠરાવવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા મુદા નં.–૭ અન્વયે આખરી હુકમ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧). અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આથી આ કામના સામાવાળાએ આ કામના અરજદારને વળતરની રકમ રૂા.૮,૯૬,૦૦૦/-(અંકે રૂપિયા આઠ લાખ છન્નું હજાર પુરા), તથા વળતરની રકમ ઉપર તા.૨૧/૦૫/૧૬ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨ % લેખે સાદુ વ્યાજ, તથા વળતરની રકમની ૫૦ % રકમ રૂા.૪,૪૮,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ અળતાળીસ હજાર પુરા) પેનલ્ટી તરીકે, તથા અરજી ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા), તેમજ અંતિમક્રિયાના ખર્ચના રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) હીત ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન-૩૦ માં તેઓએ અરજદારને ચુકવવાપાત્ર થતી વળતર, વ્યાજ, અરજી ખર્ચ,પેનલ્ટી તથા અંતિમ ક્રિયાના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

હુકમ આજરોજ તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તારીખ : ૩૧/૧૨/૨૦૨૨
સ્થળ : વડોદરા.

( નારાયણ લાલ શર્મા )
કમિશ્નર
કર્મચારી વળતર ધારો
શ્રમ અદાલત નં. ૪, વડોદરા.
યુ.આઈ.સી નં. જી.જે.૦૧૪૩૯